શ્રી સંત સેવા.

લખી તૈયાર કરનાર.

અંબારામ મંગળજી.

રહેવાશી-લતીપુર કાઠીઆવાડ.

હાલ-નાતાલ ડરબાન.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

શા. મણીલાલ હરગોવનદાસ.

રહેવાશી અહેમદાવાદ.

હાલ વેપારી નાતાલ વિરૂલમ.

સાઉથ આફ્રિકા.

અમદાવાદ.

શ્રી ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસ.

રીચીરોડ અમદાવાદ.

સંવત ૧૯૫૫ સને ૧૮૯૯

કીમત રૂ. ૦-૨-૦

નાતીમાં નિપુણ એવા જે ગુરૂ નથુરામજી પ્રત્યે કરેલા અરજ.

લખનાર.

અંબારામ મંગલજી.

રહેવાસી લતીપુર—કાઠીઆવાડ.

હાલ નાતાલ દરબાન.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

શા. મણીલાલ હરગોવીંદદાસ.

રહેવાસી અહેમદાવાદના.

હાલ વેપારી નાતાલ વીરૂલમ.

સાઉથ આફ્રિકા.

અમદાવાદ—ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસ.

ઠે. જુમામસીદ પાસે.

સંવત ૧૯૫૫ સને ૧૮૯૯

કીંમત બે આના.

श्रीगंणेशायनमः

नमामि सद्गुरुं शान्तं प्रत्यक्षं शिवरूपिणम् ।
शिरसा योग पीठस्थं सर्व कामार्थ सिद्धये ॥ १ ॥
श्रीगुरुं परमानन्दं नमाम्यानन्द विग्रहम् ।
यस्य सान्निध्य मात्रेण चिदानन्दायते परम् ॥ २ ॥
अखण्ड मंण्डलाकारं व्याप्तंयेन चराचरम् ।
तत्पदं दर्शितं येन तस्मै श्री गुरवे नमः ॥ ३ ॥
अज्ञानातिमिरांधस्य ज्ञानां जन शलाकया ।
चक्षुरुन्मीलितंयेन तस्मै श्री गुरु वेनमः ॥ ४ ॥
नमोस्तु गुरवे तस्मै स्वेष्ट देवस्वरूपिणे ।
यस्य वागमृतंहंतिविषं संसार संकुलम् ॥ ५ ॥
प्रातः प्रभृति सायांतं सायादिप्रातरं ततः ।
यत्कारोमि जगन्नाथ तदस्तु तव पूजनम् ॥ ६ ॥

દોહરો.

શ્રી સદ્દગુરૂ શરણે નમી પ્રીતે કરૂં પ્રણામ,
વાણી વિમલ કરો પ્રભુ જે ઉચરૂં આઠામ. ૧

નથી બળ બુદ્ધિ મુજમાં નથી કવિતાનું જ્ઞાન,
સત શાસ્ત્ર શીખ્યો નથી કેવળ છઉં અજ્ઞાન. ૨

તોટક[1] તણી કહી હતી શ્રીમુખે શુભવાત,

---

૧ પૂજ્યવાદ શંકરાચાર્યના શિષ્ય.

વાટ વિષે સુણતાં છતાં લાગી બહુ રળિઆત. ૩

આશય એ ઉરમાં ધરી જાણી શંકર શિરતાજ,
પતિતને પાવન કરો શ્રી સદ્ગુરૂ મહારાજ. ૪

કર્મનાશનું[1] જળ વહી જો ગંગામાં જાય,
પુર્વનામ પલટી અને તે ગંગાજળ થાય. ૫

ગંગાજી ગૌરૂપ ધરી આવે આપની પાસ,
પરહરી પાપ પોતાતણું કરે નીજાશ્રમ વાસ. ૬

મહિમા સાધુ સંતની શેષ નપામે પાર,
વિધિ હરિહર સંકુચાય ત્યાં કેમ લખું ગમાર. ૭

સમદરશી સુખ ધામછો કેવળ ગુણ આગાર,
કરૂં વિનય કર જોડીને કરશો અંગીકાર. ૮

બાળક વાણી બોબડી તાત સુણે જે વાર,
શુદ્ધ કરે છે સર્વદા લાવી અંતર પ્યાર. ૯

મુજ માતા પરિવારથી આવે શરણ સુસાઇ.
કૃપાસિંધુ કરૂણા કરી બોધ કરો સુખદાઇ. ૧૦

જનમ મરણનું દુ:ખ મટે, મટે કલેશ કંકાસ;
સંત સમાગમ સાંપડે પૂર્ણ થવા મન આશ. ૧૧

---

૧ એક નદી જે જેમાં પગ મુકવાથી સુકર્મ નાશ થાય છે પણ ગંગામાં મળતાં તે પણ ગંગા રૂપજ છે તેમ અમારી અલ્પ મતિવાળી વાણી પણ કર્મ નાશા જેવીજ છે પણ શ્રી સદ્ગુરૂ મહારાજ રૂપ ફરવાથી તે પણ પવિત્ર થવા ઉમેદ છે:

વારંવાર શિરનામી આ, અરજ આપની પાસ;
ચરણ કમલમાં રાખશો મટાડવા ભવત્રાસ. ૧૨

તથાસ્તુ કહી આપશો આનંદમય આશિષ,
અધમ ઉદ્ધારણ આપછો જવું કયાં મમધીશ. ૧૩

યોગ સિદ્ધી આપે કરી કેંક કર્યા ગુણવાન
પ્રતાપબળ લખતાં અતિ મુઢ મતિ હેરાન. ૧૪

અનુજ સાથે આચરૂં નવધાથી પણ શ્રેષ્ઠ,
આપો આપ કૃપા કરી મટે સર્વની વેઠ. ૧૫

એવમસ્તુ કરી આવજો જા અરજી ગુરૂ પાસ,
ગેર ગુરૂ નથી રાખતા છે પ્યારા બહુ દાસ. ૧૬

ભકિત બલી અનપાય નિદેશે દીનાનાથ,
બુડતાની બાં પકડીને કરશે નાથ સનાથ. ૧૭

રામ રૂપ નથુરામને દંડવત કોટીવાર,
કરજોડી કરૂં વિનતિ કરશો અંગીકાર. ૧૮

લખી અરજ વિરૂલમ[1] થકી શ્રી સદ્ગુરૂની પાસ,
રામભજન સુખ આપશે મટાડશે ભવત્રાસ. ૧૯

---

૧ દરબાન પાસે આવેલું નાતાલું મુલકનું એક પરગણું અને તેજ ગામનું નામ

ब्रह्मानंदं परम सुखदं केवलं ज्ञान मूर्त्ति
द्वंद्वातीतं गगन सद्रशं नत्व मस्यादि लक्षं
एकं नित्यं विमलमचलं सर्वदासाक्षीभूतं
भावातीतं त्रिगुण रहितंसद्गुरु तन्नमामि ॥ १ ॥

શ્રીલતીપુરથી માતાજી વગેરેને શ્રી સદગુરૂ મહારાજનું શરણુ વિષે કહેલી કવિતા.

મનકી સકલ વાસના ત્યાગી થાવું રામ ચરણ અનુરાગી એ ઢાળ અથવા ફેરબાના વેષમાં (ત્રાગાળા લોકો તંબોલણનો વેષ બજાવે છે તેને કેટલાક ફેરબો કહે છે) જ્યારે વાજાં સાથે ઘુઘરા વાગે છે એ ઢળમાં પ્રથમની અર્ધ્ધ ટુંકને બે વાર બોલવાથી ઠીક બોલાય છે.

મૈયા મમતા હિંસા ત્યાગી (૨) થાવું ગુરૂ ચરણા અનુરાગી,
ભૈયા સકલ ભરોસો ત્યાગી (૨) થાજો ગુરૂ ચરણ અનુરાગી;
પ્રિયા પ્રેમ ધરી પાય લાગી (૨) થાજો ગુરૂ ચરણ અનુરાગી,
પુત્રી પ્રેમ ધરો બરભાગી (૨) થાવા ગુરૂ ચરણ અનુરાગી.
પરિજન પ્રીત કરો અહોભાગી (૨) થાવા રામ ચરણ અનુરાગી,
નહી સુણશે તેજ અભાગી (૨) થાવા રામ ચરણ અનુરાગી:
રામ[1] નામ હવામાં જાગે (૨) કોટી પાપ એકદમ ભાગે,

---

१ **रकारोनलबीजंस्याद्येसर्वेवाडवादयः**
कृत्वात्मनोमलंसर्वंभस्मकर्मशुभाशुभम् ॥ इत्यादि

મોહ મમતાદિ નહીં લાગે (૨) ગુરૂ શરણુ જતાં સૌ ભાગે.
મા મનુષ્ય રૂપ નહીં જાણો (૨) કેવલ શંકર ઉરમાં આણો,
ગિરિનાર[1] ગહન નહીં ચડવા (૨) શીદ જાવું આબુ આથડવા;
દુર ભલા દ્વારિકાનાથ (૨) જો ગ્રહે ગુરૂ મમહાથ,
જગન્નાથ વિચિત્ર મૂર્તિ (૨) કોણુ કરે મંદિર પર સ્ફૂર્તિ.[2]
કથશો નહીં જાવા કાશી (૨) જુઓ જંગમ તીરથ રાશી,
બલાબલા આવી શિરનામે (૨) મદ મોહ આદિ સૌ વામે;
કહુ શિવાજીની[3] એકવાત (૨) ચિત્ત ધરી શ્રણો મમભ્રાત,
મહા વિકટ કામ એ કરતો (૨) શિર રામ[4] ગુરૂને ધરતો.
આખ્યાન થાય બહુ મોટું (૨) લખી મર્મ કર્યું છે છોટું,
કાંતિહીણુ[5] થઇ જબકાશી (૨) અન્ય પુરી કાશીની માશી;
નરવીરે રાખ્યું નામ (૨) શિર હતા ગુરૂ એક રામ,
મહામર્દ મરેઠો જાગ્યો (૨) કુપંથ[6] ડરીડરા ભાગ્યો.

---

૧ કાઠીયાવાડમાંના જુનાગઢ પાસેનો પ્રખ્યાત પહાડ જે યાત્રાને માટે પ્રખ્યાત છે તે.

૨ નજર એવું વાંચવામાં આવ્યું છે જે જગન્નાથજીના મંદિર ઉપરના ભાગમાં બિભત્સ ચિત્રો છે.

૩ છત્ર ધારી મહારાજા શિવાજી.

૪ પ્રતાપી શિવાજી મહારાજ ગુરૂ.

૫ તેજ કાશીકી લાગે મથુરાંમે મસીદભી શિવાજી નહોતેતો સુનત હોત સબકી [illegible].

૬ નઠારોમાર્ગ-અધર્મ.

તુજ તનુ થાય નિરમાલ (૨) તે માટે આ હેવાલ,
તૃણ[1] તુલ્ય ગણે ત્રણ[2] રાજ (૨) રીઝે જો ગુરૂ મહારાજ;
લખું સત્ય નથી મુજ ઘરનું (૨) સુંદર વચન સુંદરનું,[3]
દાહિની[4] અક્ષિકા ફરકે (૨) ગુરૂ શરણુ જવા મન હરખે.
સ્વર વિદ્યા ગોવિંદ[5] જાણે (૨) ક્યાં પૂચ્છું જઈ આ ટાણે,
ફળ તરત સંતની શેવા (૨) સત સંગત તણા એ મેવા;
ક્યું હાથ ખરૂં હથિઆર (૨) મારે ત્યાં બેડો પાર,
નથી કાયરનું એ કામ (૨) ખટ[6] રિપુ હણવા બળવાન.
અડસઠ તીરથનું ધામ (૨) ગુરૂ એક ભજો નથુરામ,
કરી હઠ[7] સિધ માર્યો માર[8] (૨) પ્રભુ સાથ કર્યા એકતાર.
પ્રભુ પાપી શરણે આવ્યો (૨) નથી ભેટ કાંઇ હું લાવ્યો,
કરગ્રહી અધ્ધમ ઉધ્ધારો (૨) નથી ઉગરવાનો આરો.
પ્રભુ પૂર્ણ ભરોસો જાણી (૨) ઉચ્ચારી આટલી વાણી,
કરી અભય ભક્તિવર દેશો (૨) અંબારામ શરણે લેશો;

---

૧ ઘાસ. ખડ
૨ સ્વર્ગાદિ.
૩ મહાત્મા શ્રી સુંદરદાસનું શંકા હોય તેણે ગુરૂ અંગ જોવો.
૪ જમણી.
૫ શ્રીયુત ગોવિંદજી ડાહ્યાભાઇ વકીલ પોરબંદર.
૬ કામાદિ છ વિકાર ૭ હઠયોગ ૮ કામદેવ—પ્રાગ્રબ્ધરજી તે એતો દુસરો પરમ હૈ.

અપરાધ ક્ષમા મમ કરશો (૨) કરી કૃપા દોષ દુ:ખ હરશો,
કરૂં સાચા સંતની સેવા (૨) નહીં હજુ[1] રામ જનના જેવા.
વર વિનતી કરી એ માગું (૨) અતિ આરત[2] હું પાય લાગું,
મુજ અંતરના અભિરામ[3] (૨) ગુરૂ ક્યાં મળશો નથુરામ;
જાણો સરવે મમ હાલ (૨) નથી ગમતું આ નાતાલ,
લઇ શરણ કરો નિસ્તાર (૨) પ્રભુ ઘણો લખ્યો વિસ્તાર.
ધરી નીતિ પ્રીતેથી ગાશે (૨) ગુરૂ દેવસાનુ કુળ થાશે,
શ્રોતા મમ અવગુણ ત્યાગી (૨) થાજો હંસ રૂપ બડભાગી;
મુખ માગે અંબારામ (૨) જય બોલો શ્રી નથુરામ,
ભજું ભરત તુલ્ય શ્રી રામ (૨) કરો કૃપા શ્રીમન્નથુરામ.

બહુત પ્રકાર તીનો લોક સબ શોધે હમ એસીકોન ભેટ ગુરૂદેવ આગે રાખીએ માહાત્મા સુંદરદાસજીને ત્રણ લોકમાં ગુરૂને ભેટ દેવા લાયક ચીજ નજરમાં ન આવી ત્યારે દીનતા દાખી તો મારા જેવા પામરની શી તાકાત ?

दोहा "ज्ञानी भक्त शिरोमणि त्रिभुवनपतिकरयान
ताहि मोह मायाप्रबल पामर करहिं गुमान
शिव विरंचि कहँ मोहइ कोहै बपुरा आन
अस जिय जानि भजहिंमुनि मायापति भगवान"

---

૧ હજુરદાસ નામના સંતે પાખંડીઓનું ભજન આરૂ કહેલ છે.
૨ દુઃખી. ૩ શંકરરૂપ આનંદદાતા.

મોહનાશ થવા પૂજ્યવાદ શ્રીમન મહાત્માશ્રીની નિર્મળ શેવામાં પ્રથમ કરેલી અરજ પૈકીનો ભુજંગી છંદ.

પરીક્ષા[1] લઈ જે શિશુ પાસ કરતા,
પરીક્ષા દઈ આવીને શીર ધરતા;
નિર્ખંતા પછી આવી જેઓ નિશાળ,
હવે હરખથી તપ તેજ વિશાળ. ૧

જુઓ દફતરો આંખ પૂરી ઉઘાડી;
ખરી વાત આકે જુડી છે ત્રવાડી;[2]
ભણાવો ભલાં ધોરણો આપ ઉંચાં,
હવે ધોરણો જેમનાં[3] દિલ રૂચ્યાં. ૨

કરી કામ સારૂં શિશુને સુધારો,
કૃપીકાંક્ષી થાવા સુધાર્યો[4] વિચારો;

---

૧ સરકારે મુકરર કરેલો ધોરણ મુજબની ઇન્સ્પેકટર સાહેબે કરેલી તપાસ અર્થાત્ શ્રીમન્ જ્યારે મહેતાજી નામાનત્રંતાપદ બિરાજતા ત્યારે જે ડેપ્યુટી સાહેબ બાળક વગેરેની તપાસ કરતા તેઓ હાલ ધર્મ કાર્યમાં પોતે આગળ કેમ વધવું તેની પરીક્ષા આપી નમન કરે છે વગેરે.

૨ રા. સા. ગણુપતરામભાઇ

૩ મહાત્મા શ્રીનાથજીના નિયમ,

૪ ધર્મ સંબંધી મૂળ વિચારો ને તે કામમાં વધારે મજબુત કર્યા

હરખતા ભણાવી અતિ હરગોવીંદ,[1]
ભલા કેમ જાણે હરકાં[2] ગોવિંદ ૩
વડા શિક્ષકે પણ વડી ભુલ ખાધી,
અંબારામનો મુળથી અપરાધી:
હરિહરને[3], શાસ્ત્રી પોતે કલ્યાણ[4]
ગણે ગુણ ગીતે[5] લખી ગિરવાણ ૪
હશે વાલજી[6] સુતની ધુણી ધાણી
અનુમાનથી અંતરે વાત જાણી
અતિ મોહથી મેં ન જાણ્યા મહેશ
ક્ષમા ચાહુ છું શ્રી ગુરૂજી આ દેશ. ૫
મળ્યા ગરૂડને વાટમાં વિશ્વનાથ[7]

---

૧ માજી પ્રિન્સિપલ રા. રાજકોટ ટ્રે. કાલેજ. હાલ વડોદરા રાજ્યના ડાયરેકટર ઓફ પબલીક ઇંટ્રકસન.

૨ હરવા ગોવિંદરૂપ મહા પુરૂપને એકાએક પ્રાકૃત મોટા દરજ્જાના માણસો જાણી શકતા નથી તો લખનારની તાકાદ શી?

૩ પોરબંદર પાઠશાળાના અધ્યાપક

૪ જામખંબાળીઆવાળા રા. કલ્યાણજી શાસ્ત્રી.

૫ પદ્યમાં (બંને શાસ્ત્રીએ ઘણું કરી સંસ્કૃતમાં સ્તુતિ કરેલી છે.)

૬ શ્રીયુત આણંદજી વાલજી વકીલ પોરબંદર

૭ શ્રી શંકર. આ પ્રસંગ રામ કથામાં જાણીતો છે.

કૃપાણુ હવે આલશો મુજ હાથ
અહી પેખતો હું નથી વિશ્વનાનાથ[1]
વિલોકયા નથી સત્ય શ્રી વૈજનાથ.[2]
નથી પાંખ મારે ઉડી શિઘ્ર આવું,
કરી અર્જ ને કાગળે દુઃખ ગાવું;
સુલભ પંથ એ સિદ્ધ[3] જાણો સમાધિ,
શરણ માગતાં ભાગશે તાત વ્યાધિ. ૭
કહો ઘુંઘટે નાચ કેનો બન્યો છે,
ઉપસ્થાનમાં[5] અંગ સિંધ્યાં રહે છે;
જનકની જુઓ વાત[6] ચિત્તે વિચારી,
મળે તક જ્યાં ત્યાં કરે કષ્ટ ભારી. ૮
હતો હામ દામે અતિ શ્રેષ્ઠ રાજા,
ગુણી પંડિતોથી મળ્યા યોગી રાજા;[7]

---

૧ રા. રા. વિશ્વનાથ સદારામ.
૨ શ્રીયુત વૈજનાથભાઇ લીંબડી.
૩ અણિમાદિ સિધ્ધિઓ જેને પ્રાપ્ત થઇ છે અથવા વશ થયલી છે તે.
૪ સભાસદ.
૫ સંધ્યોપાસનમાંનું એક કર્મ આ જગ્યાએ ખુલ્લી અરજ.
૬ જનક વિદેહીના સ્વપ્નાની વાત ચંદ્રકાન્તમાં પ્રસિદ્ધ છે,
૭ અષ્ટાવક્રજી.

ગુણી અત્રગાંધી[1] વસે એક સારો,
નથી જાણતો તાત એ રોગ[2] મારો. ૯
મળે વૈદ્ય[3] મુને વળી મિત્ર એના,
ભલે હોય વિદ્યા કળામાં પ્રવીના;
મહા[4] વૈદ્ય મૂકી નમું ન લગાર,
ભલે આવી બેટે અશ્વની[5] કુમાર. ૧૦
ભુલાવે કદી વામી જો બ્રહ્મચારી,
નમી દુર કેશું ભલે બડ આચારી;
વિધિવામ જેનો લીયે વામપંથ,[6]

---

૧ પૃથ્વી પ્રસિદ્ધ મી. એમ. કે. ગાંધી આ નિરાભિમાની અતિ સરલ સ્વભાવના ભલા પુરૂષની રહેણી કરણી તેના વર્ગના મનુષ્યોની સાથે સરખાવતાં નજરે જોનારને ખરેખર ચિત્ર લેખ બનાવે તેવી અસરકારક છે આમાં લેશ પણ મારા જાણવા તથા માનવા મુજબ અતિશયોક્તિ નથી પણ સત્યજ છે.

૨ સંસાર રૂપી.

૩ પ્રાકૃત વૈદ્ય.

૪ સંસારરૂપી મહારોગ મટાડનાર તો સાચા વૈદ્ય શ્રી સદ્ગુરૂ મહારાજજ છે પ્રાકૃત મનુષ્ય ગમે તેટલા ભલા હોય પણ સંસાર રૂપી રોગ મટાડવા તે સમર્થ નથી. એમ મારી અલ્પ માન્યતા છે.

૫ દેવતાના વૈદ્ય.

૬ ઉલટો માર્ગ બતાવનાર યથા मांस मद्य मान च मुद्रा

બુડાડે એ લોક કહું સત્ય ગ્રંથ. ૧૧

મળે સદગુરૂ બુડતાને બચાવે,
નહીંતો પ્રપંચી[1] ગુરૂએ નચાવે;
નકી નિશ્ચળે[2] ગ્રંથ કીધો વિચાર,
ગુરૂની કૃપાથી લહે શિષ્ય સાર. ૧૨

મટે મોહ[3] વ્યાધી ગુરૂ[4] હાથ ઝાલે,
વસું ઇંડિઆ આદિમાં કેને ટાળે;
મળે શેઠ મોટા વકીલો હજુરી,
કરે કામ કોઆ સમે ઇજનેરી. ૧૩

मैथुन मेवच । एते पंचमकारास्तुमोक्षदायी युगे यगे ઇત્યાદિ કપોલ કલ્પિત શ્લોક બનાવી પાખંડ વધારનાર સત્યા સત્ય વિચાર પૃષ્ઠ ૫૫ સત્યાર્થ પ્રકાશ પૃષ્ટ ૨૮૨

૫ પ્રપંચ ફેલાવનાર—પાખંડી.

૬ મહાત્મા નિશ્ચળદાસજી એ વિચાર સાગરમાં સત્યવાતનું બહુ રીતે નિરૂપણ કરેલું છે એ ભાવ.

૧ અવિવેક. ૨ ઉત્તરાર્ધ્ધ મનહર.

गोविंदके किये जीव डूबत भव सागरमें
सुंदर कहत गुरु काढै दुःख द्वंद्वते
औरहू कहां लौं कछु मुखते कहु बनाय
गुरुहीको महिमा अधिक है गोविंद ते

ત્રીજો[1] રિપુ કાઢી તિજોરી તપાસે,
મુલાકત લેવી નથી બહુ હુલાસે;
દીઠા દાકટરોને વળી બજ મોટા,
ગુરૂગુણુ આગે બધામાનું છોટા. ૧૪

નથી સેવવા હાલમાં દરબાર,
સુખે સંગ સોની તથા ઘરબાર;
દુઃખે દીન વાણી વદુ રામ રામ,
મુકો મસ્તકે હાથ શ્રી નથુરામ. ૧૫

નહીંતો હવે જીંદગી જો નકામ,
મળે શીખ કંકો તરી સમ તમામ;
નવે[2] ગુણ પૂરા ગુરૂ ઉપકારી,
નવે[3] વાત જાણે લખું શું વિચારી. ૧૬

અરે તું ભુજંગી થયો ખુબ જંગી,
કરૂં કેમ રાજી નથી પાસ ભંગી;[4]

---

૧ લોભ.

२ शमो दमस्तपः शौचं क्षांति रार्जव मेवच
ज्ञानं विज्ञानमास्ति क्यं ब्रह्मकर्म स्वभावजम् भ. गी.

૩ आयुर्वित्तं ઇત્યાદિ નવે ગુપ્તવાત.

૪ શંકરનું વાજું અથવા તેજોમય [illegible]

કરૂં વિનતિ બોલજે તું મહેશ,[1]
પૂજું પ્રીતથી હર સાથે હમેશ. ૧૭

એ પ્રસંગે કૃપાળુના દમીનમાં છે જે થી યોગ્ય કૃપા કરશે

શ્રી મન પૂજ્યપાદ દયાસાગર દીનબંધુ મહાત્મા.

શ્રી નથુરામજીની નિર્મળ શેવામાં શ્રીલતીપુર પધારવાના સંબંધમાં કરેલી વિશેષ અરજ.

गंगा पापं चंद्र स्तापं दैन्यं कल्पतरू तथा
पापं तापं च दैन्यं च हेरत साधु समागम.

કૃષ્ણજીવન ક્યારે આવશો જોઉં મારા વાલાજીની વાટ (૨) એ રાહ.

નીતિમાં નિપુણ નથુરામજી, સુણો અરજ આવાર (૨)
સંત સદા સન્મુખ થજો, નમીએ વારંવાર. નીતિમાં.
નિપુણ નથુરામજી નમીએ વારંવાર એ ટેક.
કઠણ કળિનો આકાળ છે, તેમાં આવ્યો અવતાર (૨)
તાર પ્રભુથી જોડાવજો, પામું ભવમાં હું પાર. નીતિમાં.
અધમ શરીર અબળા તણાં, જેનાં કાચના ઠામ (૨)
જાળવવા બહુ જતનથી, સહેજ સ્વભાવે ન કામ. નીતિમાં.

---

૧ શ્રી શંકર આ જગ્યાએ શંકર રૂપ શ્રી સદગુરૂ

'पुण्य पुंजबिनु मिलहिं न संता
सत संगति संसृति करि अंता'

મનુઆદિ મહા પુરૂષોએ, કરી મનન અપાર (૨)
સ્વતંત્રતા[1] તો સોંપી નથી, લખી પરવશ નાર. નીતિમાં

પાપ હણે ગંગા અંગનું, ચંદ્ર તાપ નિરધાર;
કલપતરૂ કાપે દીનતા, લાગે નહીં કાંઇ વાર. નીતિમાં.

સાધુ સમાગમ ગમ વિના, લખું કેમ હું ગમાર; (૨)
ત્રણ તાપ કાપે તરતમાં, વાંચ્યું ગ્રંથ મોઝાર. નીતિમાં.

પુન્ય અમે કીધાં નથી, ઉરમાં અમ્રતની આશ; (૨)
જગત જુઠ જંજાળમાં, માગી મળે નહીં છાશ. નીતિમાં.

આશ ફળે છે વિશ્વાસથી, વદે વેદને સંત; (૨)
વગર વિશ્વાસે ફાંફાં બધાં, કરે કષ્ટ અનંત. નીતિમાં.

દીન દાસી દરશન ઇચ્છે પુજવા પાય મહારાજ (૨)
અંતર જામી આપ છો, સમરથ મહા યોગીરાજ. નીતિમાં.

પુત્ર તમારો પ્રીતે લખે, કરો ગુરૂનાં દરશન; (૨)

---

१ पितारक्षति कौमारे भर्ता रक्षति यौवने
रक्षन्तिस्थविरेपुत्रा न स्त्रीस्वातन्त्र्य मर्हति
मनु० अ० ९ श्लोक ३

મનુ૦ અ૦ ૮ શ્લોક ૧૪ થી ૨૦ સુધી ભલે પ્રકારે સ્ત્રી સ્વભાવનું વર્ણન કરેલું છે.

અંતર આરતી ઉતારજો, થાશે યોગી પ્રસન્ન. નીતિમાં.
લક્ષ્મી પતિને સાચા ભજું, આપો એવો વિવેક; (૨)
સાધુ સમાગમ સાંપડે, ક્ષમા કરશો અવિવેક. નીતિમાં.
સફળ જનમ સંસારમાં, જે જન સેવે છે સંત (૨)
અબળા અતિ અહીં શું લખું, ભક્તિ દીઓ ભગવંત. નીતિમાં.

શબરીને રામે રાજી કરી, જુઓ કુળને જોત (૨)
વાત વંચાય છે વિશ્વમાં, સાચો પ્રેમ એ તાત. નીતિમાં.
ઈંદ્ર ભવન તુલ્ય ઓપતાં, ભલાં ભવન સંસાર; (૨)
અમથો ઉપલનો એ ભાર છે, જ્યાં નહીં સંત સતકાર. નીતિમાં.

દ્વિજ વધુ છે આ ગામમાં, આસ પાસ તમામ; (૨)
શ્રેષ્ઠ પુરૂષને પેખતાં, વધશે મનમાં બહુ હામ. નીતિમાં.

સંધ્યા આદિ શુભ કરમનો, લેશે બહુ જન બોધ (૨)
બાળ બાળા રાજી થાશે, કરશે આગળ કોઈ શોધ. નીતિમાં.

ભલું ભલાથી થાય છે, મેઘ[1] મટાડે દુકાળ (૨)
અમૃત રૂપ ગિરા આપની, વરસાવો આ કાળ. નીતિમા.
લાભ લતીપુરને ઘણો, મળે સંત દરશન (૨)
લક્ષ્મી લેખું શું લેખી શકું, જો થાય સંત પ્રસન્ન. નીતિમાં.

'धाराधरोवर्षतिनात्महेतोः परोपकाराय सतां विभूतयः'

ભવન—સુંદર મકાન ઉપલ-પથ્થર-પાણા.

અહીં તહીં આપનો આશરો, ઉરમાં સાચો વિશ્વાસ (૨)
રામ રૂપ નથુરામ છો, શંકા જ્યાં અવિશ્વાસ. નીતિમાં.

શારદ નારદ સમ કરૂં, નિત્ય ગુરૂ જશ ગાન (૨)
ભાન ભુલી મારા દેહનું, મા તું ચડાવજે તાન. નીતિમાં.

હારલ હેતથી આવજે, તારી ટેક આવાર (૨)
ભજન કદી ભૂલું નહીં, શુભ એજ છે સાર. નીતિમાં.

નામ[1] રટેય કામ થાય છે, વદે વેદ પુરાણુ;
આનંદ[2] સાથ પ્રભુ આવજો, સુણી દીનની વાણુ. નીતિમાં.

પ્રથમ ઓગણીશ પંચાવન, પછી કહણુ કળિનો આ કાળ (૨)
અસુર[3] ઉભા કેમ રહી શકે, મળતાં ભક્તિની માળ. નીતિમાં.

---

૧ जानआदिकविनामप्रतापू ॥ भयउसिद्धकरीउलटाजापू
सहसनामसमसुनिशिववानी ॥ जयजेंईपियसंगभवानी

૨ પ્રેમ પૂર્વક અથવા શ્રીયુત આણંદજી વાલજી રાજ્ય ગુરૂને શેવામાં સાથે લઇને.

૩ શરીરમાં રહેલા વિકાર કરનારા કામાદિ શત્રુઓ.

तातमिलै पुनि मातमिलैसुत, भ्रातमिलै युवती सुखदाई
राजमिलैगजबाजिमिलैसब, साजमिलैमनवांछितपाई
लोकमिलैसुरलोकमिलै, विधिलोकमिलैवैकुंठहुजाई
सुंदरऔरमिलैसबहीसुख, संतसमागमदुर्लभभाई.

પરમ કૃપાળુ અજ્ઞાન તિમિર નાશક જ્ઞાન સુર્ય પ્રકાશક મહાનુભાવ પૂજ્યપાદ મહાત્મા સદ્ગુરૂ મહારાજશ્રી ૧૦૮ શ્રીમત સદ્ગુરૂ શ્રીમન્નથુરામ શર્માના ચરણ દ્વંદ્વને વિષે અનંત કોટી સાષ્ટાંગ દંડ વત્નમસ્કાર કરી અનેકવાર અપરાધની ક્ષમા ચાહી કરેલી સ્તુતિ.

ઢાળ—જયરામ રમારમણં શમન ભવતાપ ભયાકુલ પાહિજનં એ છંદના રાહમાં અથવા તોટક છંદની રીતે.

કોઇ રાજી તંતર[1] જંતરમાં[2], ગુરૂદેવ વસો મમ અંતરમાં;
રહે રામ રૂદેગુણ એક ગણો, અગણિત મહિમા ગુરૂદેવ તણો.
જુઓ આંખ ખરી[3] ખોલી જોશી, શું જાણો અંતર છે દોષી;
બોલી નવ જાણ્યું વિચાર કરી, નહીં બોલવું પારૂષ્ય વેણ ફરી.
અપરાધ નથી ઉરમાં ગણતો, હવે સત્ય બોધ ગુરૂનો ભણતો;
રણ દૂર કરો રણછોડ ખરૂં, ગુરૂ આજ્ઞા આગળ શિર ધરૂં.
હઠ મારગ[4] ખુલ્લો કર્યો હઠથી[5], શઠ[6] શત્રુ હણો મમ અંતરથી;
કરો ઠીક પ્રભુ ફુળી હાકરનું, મટે દુઃખ ભવોભવ ચાકરનું.
શિર હાથ ધરી વારે વિચરો, મમનાથ કણુસ કરો મજરો;

---

૧ એક જાતની વિદ્યા, જાદુ કપટના ખેલ વગેરે.

૨ કેટલાક લોક નાના બાળક વગેરેના ગળા કે હાથ વગેરેમાં તાવીજ બાંધે છે અથવા એક જાતનું વાજીંત્ર થાય છે તે.

૩ અંતર ચક્ષુ ૪ હઠ યોગનો ૫ ટેક ધરીને

૬ શરીરમાંના આંતર શત્રુઓ.

નથી નાથ આનંદ એકજ તારો, સમદરશીએ પિતા મારો.
મનસુર માફક મનશૂર ચડે, જ્યાં સિદ્ધ ગુરૂની શુભ[1]દ્રષ્ટી પડે.
છે આશુ[2]તોષ શંકર પોતે, શરણાગતને જલદીગોતે,
હઠધારી[3] ધણી જોગી પ્યારો મઠધારી[4] જુઓ મત છે ન્યારો;
કળિકાલ વિષે અવતાર ખરો, દીન બંધુ દયા કરી દર્દ હરો,
અંગ સુંદર સાધુનો વાંચ્યો, અસાધુ વાંચી બહુ નાચ્યો.
ઉપમાં અમથી ગાંધી[5] આપે, જુઓ મરક પુરી[6] કેવું છાપે
ગુરૂદેવ કરૂં દંડવત કોટી, છે રામ રૂપ ભુજા મોટી;
આવ્યો કરમે[7] નાતાલ, વિષે કેમ જાણી શકુ બનવું શું હશે,
રૂડું રામ ધામ અહીંઆં કરવું ગુરૂનામ જપી સુખમાં ફરવું.
નથી બળબુદ્ધિ ઇશ્વર અમમાં, અદભૂત શકિત ગુરૂ છે તમમાં;
તમારી હવે તમતર્ત હરો, કરો મન કર્મ વચને દાસ ખરો,

---

૧ કૃપા કટાક્ષ.

૨ શીઘ્ર પ્રસન્ન થનાર ૩ હઠ યોગ સિધ કરનાર.

૪ અતિતાદિ, ૫ દેશ ભકત નિરાભિમાની વીર મોહનદાસ કરમચંદ ગાંધી. Mr. M. R. Gandhi.

૬ દરબનમાં પ્રસીધ્ધ થતું રોજંદુ પેપર (તા. ૩૦-૧૧-૯૮ નું)

૭ **गहना कर्मणो गतिः**

કરઆલી કૃપાળુ પ્રભુતારો, જગ જોશી જુએ પિતા મારો,

रूपासिंह રાજી થૈરે રંગમાં, શુદ્ધ ભાવ ધરી ફરજે સંગમાં

આનંદ[૧] આનંદ સદા કરશું, ગુરૂ રામ રામ જીભથી જપશું,

દાદર[૨]નું દુઃખ દીલ યાદ કરી, સાદર કરજે વકીલાત ખરી;

મતિચંદ ભલે પરશુ જેવો, ધરે હાથ નાથ પછી કેવો ?

બડભાગી એલોક લેખો, નથુરામ રામ રૂપ જે દેખો.

કરે તર્ક વિરૂદ્ધ અધ[૩]નોરાશી, શ્રી શંકર ત્યાં જાણો કાશી;

તીરથ અડસઠ તણો રાજા, મુક્તિ દર્શક યોગી રાજા.

વસે આર્યા નાર્ય બહુ આ દેશે, વરતાય નહીં સહું ઝટવેશે.

સુજાતિ કુજાતિ તણા પ્રભુ છે, જે વ્યાપક નામ ખરૂં વિભુ છે.

---

૧ શ્રીયુત આણંદજી વાલજી રાજ્યગુરૂ

૨ મુંબઇમાં આવેલું સ્ટેશન. ૪ મહાપાપી.

૩ બહુ ભાગે કોટ પાટલુંન ટોપીનો પોશાક હોવાથી એકા એક જાતિ ઓળખવી મુશ્કેલ થાય તેવું છે.

[1]દ્વિજ દેખી રડું મારા મનમાં, ધિક્કાર આર્ય રૂધિર તનમાં,
મસજિદ[2] તણો મહિમા જોયો, બહુ આર્ય બંધુ દેખીરોયો;
રાખે કોણ છાનો રાન વિષે, ગુરૂરામ રૂપ **નથુરામ** દીસે

૧ પ્રથમ બંધનમાં આવેલા સેંકડો બ્રાહ્મણ ક્ષત્રી વગેરે ઉત્તમ જાતિનાં માણુસો અહીં વસેલા છે ધર્મ ખુશીથી પલાય તેવો સર્વ રીતે અનુકુળ મુલક છે માત્ર મનની નિર્બળતાથીજ ગ્લાની જણાય છે મે માસની આખરીથી અગસ્ટ સુધી ટાઢ પડે છે પણ અગાઉ માફક સહન ન થઇ શકે તેમ નથી બંધનમાંથી મુકત થયેલા હિંદુઓ, અને નોકરી કરનાર મેહેતાઓ જો કે પરાધીન હોય છે તો પણ (દ્વેષ ને કુસંપ નહોયતો) ધર્મ પાળવાને કાંઇ અડચણ આવવાનું કારણ સ્પષ્ટ અટકાવવાળું જણાતું નથી.

૨ દરબનમાં મુસલમાન લોકોને માટે પોતાના ધર્મની મસીદનાં બે સુંદર મકાન છે અને એક મસીદનું તથા પોરબંદર વાળી વિ. જુ. મદ્રેસાનું મળી દર મહિને આશરે પાઉંડ ૧૫૦) ભાડું આવે છે જેમાં આશરે ૫૦) પાઉંડ મદ્રેસાના ભાડાની માસીક ઉપજ જણાય છે ધન્ય છે સમયની બલિહારી? જે મદ્રેસા વગેરેની આશરે નવ વર્ષ યથા શક્તિ શેવા બજાવી તો હવે કુદરત શું સુચના કરતી હશે તે સમજાતું નથી. **श्रेयान्स्वधर्मोविगुण**: ઇત્યાદિ હાલ જેમની દયાથી યાદ આવે છે તે મુલથી યાદ હોતતો વધારે ઠીક હતું ખેર ઇશ્વર હાલના ઉત્સાહમાં સહાય કરો એવી અંતર પ્રાર્થના છે.

*રીસપૂર્વની સર્વ ગદા પરશુ, ધરીધીર સદાએ અદા કરશું.
હતો હાથ તોટક શિર શંકરનો, અહો હાથ નાથ આ કિંકરનો.
કિંકર આ છે નથુરામ તણો, અજ્ઞાની તથા અપરાધી ઘણો.
પાષાણુ તર્યા જેમ પાણી વિષે, નથુરામ રામ રૂપ સત્ય દીસે.
ભવ સાગરમાં તારો અમને, નમું વારંવાર ગુરૂ તમને.
સુલટું કરવા કરી અર્જ ઘણી, જાણો સહુ મર્મ સમર્થ ધણી.
નથી ભેદ બુદ્ધિ ઇશ્વર ઘરમાં, નવ ગુણ પવિત્ર પગ શરમાં
સાચો આશ્રમ સત સંગ સારો, આપી ભક્તિ ગુરૂજી તારો
ગુરૂ આશ્રમ અહીં બનવા સારો, ધરી ભાવ ભજું પ્રભુમારો
શુભ સમય જે મુહુરત કીધુ, પાદોદક સર્વ મળી પીધું.
ત્રીવેણી તણો તટ સુંદર છે, શુભ દરશન જેની અંદર છે.
નાશે ગાશે પ્રભુના જશ જે, ભવ સાગર પાર થશે તે તે,
લખી છે અરજી વિશ્વાસ ધરી, સહી સઘ કરો મમનાથ હરી.
પઢશે તોટક ધરી નીતિ બહુ, મટશે તન તાપ સંતાપ સહુ.
વાંચી શુણી જે વિશ્વાસ ધરે, શુભ ઇચ્છા ઇશ્વર પુરી કરે

---

* અનેક જન્મની આસક્તિનો પરશુ અથવા ગદારૂપ નિષેધ ક્રોધ.

ત્રીવેણી તટે મેળો થાશે મહિમા ગુરૂનો સરવે ગાશે,
ઉર આનંદ અંબારામ ઘણો પ્રતાપ તાત **નથુરામ** તણો.

નિવાસી લતીપુર–તાલુકે જામનગર સૌરાષ્ટ્ર–કાઠીયાવાડ હાલ વિરૂલમ નાતાલ દક્ષિણ આફ્રિકા.

શ્રી સદ્‌ગુરૂ મહારાજનાં પવિત્ર ચરણારવિંદની સદાપવિત્ર રજ મસ્તકે ધરવાની ઉમેદ વાળો દાસાનુદાસ અંબારામ મંગળજી ઠાકર.

વિરૂલમમાં પણ આશરે ૨–૩ મહિના ઉપર પોરબંદરવાળા મરહુમ શેઠ અબુબકરના ભાઇ મી૦ ઉમર આમદે આશરે ૧૨૦૦) પાઉંડનું મકાન ખરીદી મસીદ તરીકે પોતાના ધર્મભાઇઓ માટે આપ્યું અપસોસ આર્ય–હિંદુ લોકોની હાલત માટે કે જે દ્વેષ બુધ્ધિ અને કુસંપે ભારત ભૂમિને પરતંત્ર કરી તે વારસો આંહી આવનારા નાના મોટા તમામ પોતાની સાથે લેતા આવે છે (હે પ્રભુ લખનારને એ પ્લેગથી પણ બુરા દુષ્ટ ચેપીરોગથી બચાવી રક્ષણ કરજે) માનવંતા અપવાદ મી. એમ. કે. ગાંધી જેવા સર્વના શુભેચ્છક ઇશ્વર આર્યને કયારે કરશે? ગાંધીની સાથે તેમના મિત્ર મી. એમ. એચ નાઝીરની પણ ઇંડિયન પ્રજા માટેની સ્તુતિપાત્ર મહેનત છે.

મી. ગાંધીના આવ્યા બાદ અહીં કોંગ્રેસ સ્થપાઇ જેની પ્રોપરટીનું આશરે આઠ દશ પાઉંડ માસીક ઉત્પન્ન ઘણું કરી થયેલું સંભળાય છે ને ઉન્નતિ માટે ગાંધીનો નિરંતર પ્રયાસ જારી છે.

આશરે દોઢેક વર્ષ થયાં દરબનમાં હિંદુ નીતિ વર્ધક સભા સ્થપાયલી છે આશરે હાલ ૫૦ મેંબર છે સંપ વધારી નામ પ્રમાણેના ઉદેશ પુરો કરવા અને નિરાધારા આર્યને આશ્રય પ્રારબ્ધ વશાત્

આંહી મૃત્યુ પામેલાને દહન ક્રિયા કરવાની ગોઠવણ વગેરે બનતી હરકતો દુર કેમ થાય તે સભાનો મુખ્ય ઉદેશ છે.

સેક્રેટરી તરીકે કામ બજાવી શ્રીયુતભાઇ ગોકલદાસ પરમાણંદ ગાંધી સર્વને સારો સંતોષ આપે છે પ્રભુ દિનપ્રતિદિન આર્યોન્નતિ કરો ઇતિ શિવમ્,

ગુર્જરગણિત ભાગ ૧ લો—આ પુસ્તક લગભગ છપાઈ તૈયાર થવા આવ્યું છે. દરેક ગુજરાતી ગણિતનો ઉપયોગ કરનાર વિદ્યાર્થી તેમજ ઇંગ્રેજી ચોથા ધોરણ સુધીના વિદ્યાર્થી જેઓ ક્રોલંઝા તેમજ બીજા ગુજરાતિ ગણિતનો ઉપયોગ કરે છે તેમને આ ગણિત એક વખત જોઇ જવાની અમારી ભલામણ છે. ઉપલી પરીક્ષાઓમાં તેમજ થર્ડગ્રેડ, સ્કોલરશીપ અને પબ્લીકસર્વીસ પરિક્ષાઓના ઉમેદવારો તે ખાસ આ ગણિતના નવી અને જુદી જુદી જાતના દાખલા ગણિ જવાની જરૂર છે. આ ગણિતમાં પદ્ધતિ ઉત્તમ પ્રકારની રાખી છે. ભાષા સાદી સહેલી અને બાળકથી પણ સમજી શકાય તેવી છે. દાખલા પુષ્કળ અને જાણવા લાયક છે. દરેક વિદ્યાર્થીને આ ગણિત વાંચવાની ભલામણ કરવામાં આવે છે.

પ્રથમ ગ્રાહક થનાર પાસેથી કિંમત રૂ. ૦—૬—૦

નામ નોંધાવવાનું ઠેકાણું.

જગન્નાથ નરભેરામ જોશી.

ગણિત અને સંસ્કૃત માસ્તર

આર્યન હાઇસ્કુલ.

અમદાવાદ.

A TEXT BOOK OF ARITHMETIC FOR LOWER STANDARD.

આ નામનું ઉપયોગી ગણિત થોડા સમયમાં બહાર પડશે. પુસ્તક કોલંઝા. ઇંગ્રેજી ગણિત, અને બીજાં તેવીજ જાતનાં પુસ્તક ની ગરજ સારે તેમ રચવામાં આવ્યું છે. થર્ડ સ્ટેન્ડર્ડમાંથી ઉપલા ધોરણમાં જતા છોકરાઓ ઇંગ્રેજીમા હીસાબની રકમો સમજી શકતા નથી તે ખોટ પુરી પાડવાને ખાસ ધ્યાન આપ્યું છે ને તેમ ને માટે ખાસ ત્રીજા ધોરણમાં શીખવવા માટે સરલ ઇંગ્રેજી ભાષા માં ઘણા દાખલા આપ્યા છે એકંદરે પુસ્તક ઉપયોગી થાય તેમ કરવામાં આવ્યું છે. પુસ્તક લગભગ ૩૦૦ પૃષ્ટનું થશે. પ્રથમ ગ્રાહક થનાર પાસેથી કીમત ૦—૮—૦ પરદેશી સારૂ પોસ્ટેજ જૂદુ.

જગન્નાથ નરભેરામ જોશી

સંસ્કૃતને ગણિત માસ્તર

આર્યન હાઇસ્કુલ

અમદાવાદ